| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૦/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૦/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

**રાજકોટના મહે. ચોથા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૮૪૦/૨૦૨૬</u>**

**આંક–7**

**ધ્રુપદ ઉર્ફે ધ્રુપેશ ઉર્ફે ધ્રુપલો અશોકભાઈ દેત્રોજા (વ્યાસ),**
ઉ.આ. ૨૩ વર્ષ, ધંધોઃ –,
રહેવાસી– કોઠારીયા સોલવન્ટ તથા ગંજીવાડા,
ચૈતન્ય હનુમાનજી મંદિર વાળી શેરી નં.૩૬,
મહાકાળી માતાજીના મંદિર પાસે, રાજકોટ.
મુળ રહે. ગઢકા ગામ, તા.જિ.રાજકોટ.

હાલઃ– સેન્ટ્રલ જેલ, રાજકોટ.

**..... અરજદાર**

**–// વિરૂદ્ધ //–**

**શ્રી સરકાર**

**..... સામાવાળા**

**બાબત:** **બી.એન.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

**અરજદાર તરફે વિધ્વાન એલ.એ.ડી.સી. શ્રી આર.બી.મકવાણા**
**સામાવાળા સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.કે.વોરા**

---

## **– ચુ કા દો –**

(૧) આ કામના અરજદાર/આરોપીની રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૬૦૧૧૬/૨૦૨૬ ના કામમાં બી.એન.એસ. એક્ટની કલમ–૩૦૫(એ), ૩૩૧(૪) મુજબના ગુનાના કામે અટક કરેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં કેદમાં હોય તેથી અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટે આ જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) આ જામીન અરજીની નોટીસ સામાવાળા સરકારશ્રી વતી ડી.જી.પી.શ્રીને બજતા પી.પી.શ્રી એસ.કે.વોરા હાજર થયેલા છે અને આંક– ૬ થી ત.ક.અધિકારીનું સોગંદનામુ રજુ રાખેલ છે.

(૩) ત્યારબાદ અરજદાર/આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો રૂબરૂ સાંભળી.

(૪) અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીની રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન ગુના રજિ. નં. ૧૧૨૦૮૦૫૬૨૬૦૧૧૬/૨૦૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૪) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તારીખ ૦૩/૦૩/૨૦૨૬ ના રોજથી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. વધુમાં, અરજદાર તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલી છે કે, આ કામે મુદ્દામાલ રીકવર થઈ ગયેલ છે. જે.એમ.એફ.સી.ટ્રાયલ ગુનો છે. ૭ વર્ષની સજાને પાત્ર ગુનો છે. મોટાભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. આરોપી સામે જે ગુનાઓ નોંધાયેલ છે તેમાં જામીન મુકત છે અને એકપણ કેસમાં સજા થયેલ નથી. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. આરોપી રાજકોટ જિલ્લાના રહેવાસી છે. નાસી–ભાગી જાય તેમ નથી. ટ્રાયલ દરમ્યાન તેમની હાજરી મળી આવી શકે તેમ છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં નહિ આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. નામદાર કોર્ટ જે ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે. આરોપી સામે કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. તપાસમાં સાથ સહકાર આપેલ છે. જેથી **નામ.**

**સુપ્રીમ કોર્ટના સંજય ચંદ્રા વિ.સી.બી.આઈ.નો ચુકાદો** ધ્યાને લઈ હાલના આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે.

(૫) સામાવાળા શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર વિરુધ્ધ બી.એન.એસ. એક્ટની કલમ-૩૦૫(એ), ૩૩૧(૪), મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામના આરોપીએ તા. ૧૬/૦૧/૨૦૨૬ કલાક ૧૭-૦૦ વાગ્યાથી તા.૨૩/૦૨/૨૦૨૬ ના કલાક ૨૩-૦૦ વાગ્યાના અરસામાં કોઈપણ સમયે અજીવસાહત ત્રણ માળીયા ક્વાર્ટરની બાજુમાં, બાપા સીતારામ ચોક ખાતે આવેલ બહુચરાજી માતાજીના મંદિરમાં ગેરકાયદેસર રીતે અપ પ્રવેશ કરી મંદિરની દાનપેટીમાં ડુપ્લીકેટ ચાવી લગાડી, તાળુ ખોલી તેમાંથી આશરે રૂ૦ ૪,૦૦૦/- ની ચોરી કરેલ છે. અરજદાર/આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. આરોપી વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. આરોપી સામે હાલના ગુના ઉપરાંત અન્ય ગુનાઓ નોંધાયેલ છે. આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. અરજદાર/આરોપી કોઈ કાયમી વસવાટ ધરાવતા ન હોય અને રખડતુ ભટકતુ જીવન ગુજારતા હોય અને મોબાઈલ ફોન પણ ધરાવતા ન હોય તે સંજોગોમાં જો આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે નાસી ભાગી જશે અને ટ્રાયલ દરમ્યાન મળી આવશે નહીં તેવી શક્યતા રહેલી છે, તેથી કેસ ચાલવામાં પણ વિલંબ થશે તે સંજોગોમાં તેમજ ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં લઈ વિ.એ.પી.પી.શ્રીએ આ જામીન અરજી રદ કરવા આ કોર્ટને વિનંતી કરેલ છે.

(૬) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆત, અરજીમાં જણાવેલ હકીકતો તથા તપાસના કાગળો વંચાણે લીધા અને તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ વંચાણે તેમજ ધ્યાને લીધુ. પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં જણાઈ આવે છે કે, અરજદાર વિરુધ્ધ બી.એન.એસ. એક્ટની કલમ-૩૦૫(એ), ૩૩૧(૪), મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામના આરોપીએ તા. ૧૬/૦૧/૨૦૨૬ કલાક ૧૭-૦૦ વાગ્યાથી તા.૨૩/૦૨/૨૦૨૬ ના કલાક ૨૩-૦૦ વાગ્યાના અરસામાં કોઈપણ

સમયે અજીવસાહત ત્રણ માળીયા ક્વાર્ટરની બાજુમાં, બાપા સીતારામ ચોક ખાતે આવેલ બહુચરાજી માતાજીના મંદિરમાં ગેરકાયદેસર રીતે અપ પ્રવેશ કરી મંદિરની દાનપેટીમાં ડુપ્લીકેટ ચાવી લગાડી, તાળુ ખોલી તેમાંથી આશરે રૂ० ૪,૦૦૦/– ની ચોરી કરેલાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ હાલના ગુના ઉપરાંત અન્ય ગુનાઓ નોંધાયેલા છે પરંતુ તે ગુનામાં તે જામીન મુકત છે તેમજ કોઈ ગુનાના કામે આરોપીને સજા થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી મળી આવી શકે તેમ છે. આરોપીએ તપાસમાં સાથ સહકાર આપેલ છે. આરોપી વિરૂદ્ધના ગુનામાં ૭ વર્ષ સુધીની સજાની જોવગાઈ છે. મોટાભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. આરોપી રાજકોટ જિલ્લાના રહેવાસી છે. જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં નહીં આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ થશે. તે સંજોગોમાં અરજદાર રખડતું/ભટકતું જીવન જીવતો હોવાને કારણે જામીન પર મુકત કરવામાં આવે તો નાસી જવાની સંભાવના રહેલી છે તેવી જે સરકારશ્રી તરફે દલીલ કરવામાં આવેલ છે ત્યારે આ બાબતે કોઈ સ્પષ્ટ અને વિશ્વસનીય સામગ્રી રેકોર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી તે સંજોગોમાં માત્ર આ પ્રકારની દલીલના આધારે અરજદારને જામીનથી વંચિત રાખી શકાય નહીં અને આરોપીની હાજરી સુનિશ્ચિત થાય તેવી શરતોને આધીન જામીન મુકત કરવા યોગ્ય જણાય છે. આમ, ફરિયાદ હકીકત તેમજ ઉપરોકત જણાવેલ કારણો જોતાં અને નામદાર સુપ્રિમ કોર્ટના **સંજય ચંદ્રા વિરૂધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧) એસ.સી.સી. ૪૦** વાળી ઓથોરીટીમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનું ન્યાયી અને ઉચિત જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન માટેની ફો.પ.અરજી નં. **૮૪૦/૨૦૨૬** આથી **મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપી **ધ્રુપદ ઉર્ફે ધ્રુપેશ ઉર્ફે ધુપલો અશોકભાઈ દેત્રોજા (વ્યાસ),** ઉં.આ. ૨૩ વર્ષ, રહેવાસી– કોઠારીયા સોલવન્ટ તથા

ગંજીવાડા, ચૈતન્ય હનુમાનજી મંદિર વાળી શેરી નં.૩૬, મહાકાળી માતાજીના મંદિર પાસે, રાજકોટ, મુળ રહે. ગઢકા ગામ, તા.જિ.રાજકોટ વાળાને રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૬૦૧૧૬/૨૦૨૬ ના કામમાં બી.એન.એસ. એક્ટની કલમ–૩૦૫(એ), ૩૩૧(૪) મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂ૦ ૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સદ્ધર જામીન તેમજ તેટલીજ રકમનો જાતમુચરકો સંબંધિત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતોને આધિન અરજદાર/આરોપીને ક્રિમીનલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

**૧.** અરજદાર/આરોપીએ હવે પછી કોઈપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરવું નહીં.

**૨.** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક કરવાનો પ્રયત્ન કરવો નહીં કે ધાક ધમકી આપવી નહીં કે સાહેદોને તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહીં.

**૩.** અરજદાર/આરોપીએ હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી મેળવ્યા વગર ભારત દેશની હદ છોડવી નહીં.

**૪.** અરજદાર/આરોપીએ દિવસ–૭ માં પાસપોર્ટ નીચેની કોર્ટમાં જમા કરાવવો અન્યથા તે અંગેનું સોગંદનામું નીચેની કોર્ટમાં રજુ કરવું.

**૫.** અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ લોકલ તથા કાયમી સરનામુ તથા ધંધાનુ લોકલ તથા કાયમી સરનામુ, મોબાઈલ નંબર, આધાર કાર્ડની નકલ, ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે ટ્રાયલ કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવું અને સંબંધિત ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર અરજદારે પોતાના રહેણાંકના સરનામામાં તથા મોબાઈલ નંબરમાં ફેરફાર કરવો નહી.

**૬.** અરજદાર/આરોપીએ સદર ગુનાના કામે ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી દર માસે એક વખત સંબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે ૯.૦૦ થી ૧૪–૦૦ દરમિયાન હાજરી પુરાવવી.

**૭.** અરજદાર આરોપીએ ટ્રાયલ કોર્ટમાં દર મુદ્દતે હાજર રહેવું.

ઉપરોક્ત કોઈપણ શરતોનો ભંગ થયેથી અરજદાર/ આરોપીના જામીન ઓટોમેટીક રદ થયેલા ગણાશે અને ટ્રાયલ કોર્ટ આરોપી વિરુદ્ધ પકડ વોરન્ટ ઈસ્યુ કરી શકશે.

જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

આ હુકમની યાદી સંબંધિત કોર્ટ તથા સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ, આજ તારીખ **૩૦મી**, માંહે–**માર્ચ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા. ૩૦/૦૩/૨૦૨૬.**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ચોથા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ00614)